## પ્રસ્તાવના

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, જાદરના સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાનો પરિસંવાદ "ગાંધીકથા" ગાંધી નિર્વાણદિન 30મી જાન્યુઆરી 2023ના રોજ જાદર કૉલેજમાં માઢી સર્વોદય આશ્રમના સર્વોદયી ગાંધીજન સ્વ.વસંતદાદાની સ્મૃતિમાં આયોજન કરવામાં આવ્યું. જેમાં ગાંધીજન અને કર્મશીલ એવા પ્રો.(ડૉ.)યોગેન્દ્ર પારેખ દ્વારા ગાંધીકથાનું લાક્ષણિક શૈલીમાં રસપાન કરાવવામાં આવ્યું. બીજ વક્તા તરીકે ડૉ.રાજેન્દ્રસિંહ વાઘેલા(ઇ.ચા.આચાર્ય,નીમા આર્ટસ કૉલેજ,ગોઝારીયા) ઉપસ્થિત રહ્યા. તેમણે ગાંધીજન વસંતભાઇ શાહની સેવાકીય પ્રવૃત્તિઓ તથા પ્રયોગો વિશે વિગતે જણાવી આ યુગના તપસ્વી ગણાવ્યા. આ પ્રસંગે "વિરક્ત માનવી વસંતદાદા" અને "મૈત્રીમિલાપ" પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યુ. સેમીનારમાં હાજર રહેનાર તમામને આ પુસ્તકો ભેટ આપ્યા. પરિસંવાદમાં લગભગ 79 જેટલા સહભાગીઓના સંશોધનપત્રો આવ્યા.તે બધા જ શોધપત્રો "Research Guru" E-Journal માં પ્રકાશિત કરવાનો અમારો ઉપક્રમ હતો. તે સાકાર થયો તેનો આનંદ વ્યક્ત કરું છું.

જાદર ગામ આ વિસ્તારની આર્થિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. અહી આ વિસ્તારની શ્રદ્ધાના કેન્દ્ર સમું મૂધણેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. દર વર્ષે તેના સાનિધ્યમાં ભવ્ય મેળો ભરાય છે. આ વિસ્તારમાં ગાંધી મૂલ્યોનો પ્રચાર પ્રસાર થાય તે હેતુથી ગાંધી કથાનું આયોજન કરવામાં આવેલ હતું.

ગાંધીનું વ્યક્તિત્વ અસીમ હતું. આચરણ અણી શુદ્ધ હતું. એમના બોખા મુખારવિંદનું બાળસ્મિત પ્રભાવી હતું. વાણી અને વર્તનમાં એકાત્મપણું હોવાથી તેમની વાતો પ્રજા સાંભળતી. ગાંધી આચરણનું નામ છે. નવી પેઢીએ ગાંધી જોયા નથી કે તેમની હરોળના ગાંધીવાદીઓને જોયા નથી. અનુશાસન સાથે નિખાલસતાથી ગાંધી માર્ગે ચાલનારા સેવકને જોઈએ એટલે એમ લાગે કે ગાંધી હજી જીવે છે. એમને જોઈને એમ લાગે કે ગાંધી કેવું આકરું જીવન જીવ્યા હશે. પણ તેમના માટે સરળ સહજ જીવન હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તેમના ભાષણમાં કહે છે કે "ગાંધી વિચાર વગર ચાલવાનું નથી. ઔદ્યોગિક વિકાસથી માનવજીવન અને પર્યાવરણ દૂષિત થયું છે." સસ્ટેનેબલ સોસાયટી માટે ગાંધી વિચાર તરફ પાછા ફર્યા વગર છૂટકો નથી. ઓલવીન ટોફલર –થર્ડ વેવ-ત્રીજી ક્રાંતિ ગાંધી વિચારોની હશે તેમ લખે છે.

ભારત અને વિશ્વની સમસ્યાઓના નિરાકરણ માટે આજે પણ ગાંધી વિચારોની પ્રસ્તુતિ યથાર્થ લાગે છે. ગાંધી એટલે મન-વચન-કર્મનું એકત્વ. ખુલ્લુ સત્યમય જીવન. ગાંધીને મન સત્ય એજ પરમેશ્વર. સત્યની ઉપાસના, સત્યના પ્રયોગો એજ જીવન સાધનાનું એકત્વ. આખું જીવન સાધના સ્વરૂપ. ગાંધીને મન વ્યક્તિગત જીવન અને જાહેર જીવન બંને એક જ. ગમે તેવા શુદ્ધ સાધ્ય માટે સાધન પણ એટલા જ શુધ્ધ હોવા જોઈએ, એવો ગાંધીનો આગ્રહ. ગાંધીને મન સચરાચરમાં વ્યાપેલા પ્રભુની ઉપાસના. ગાંધીને મન જન સેવા એજ પ્રભુસેવા. છેવાડાના માણસના ઉત્થાન સાથે વિશ્વ કલ્યાણના ગાંધી વિચારો ગ્લોબલાઈજેશનના સમયમાં મનુષ્ય જીવનને સુંદર બનાવવાની નીતિના માર્ગદર્શક છે. બાપુનું પ્રદાન રાજકીય ક્ષેત્ર કરતાં બિન

રાજકીય ક્ષેત્રે વધારે હતું અને એટલે જ તેનો પ્રભાવ આજે પણ જોવા મળે છે. રાષ્ટ્રનું ઠેઠ પાયામાંથી ઘડતર કરવા માટે અઢાર સૂત્રીય રચનાત્મક કાર્યક્રમ એ સત્ય અને અહિંસાનો શ્રેષ્ઠ માર્ગ હતો. સાબરમતી આશ્રમના પ્રારંભમાં રચનાત્મક કાર્યોમાં અસ્પૃશ્યોના કહેવાતા ત્રણ કામો આશ્રમવાસી જાતે કરતાં. સફાઈકામ, ચમારકામ અને વણાટકામ. ગાંધીજીએ કાર્યકરોના હાથમાં સાવરણો, માથે મેલાનો ડબ્બો અને મોઢામાં ગીતાના શ્લોકો બોલતા કરી સામાજીક ક્રાંતિ કરી હતી. સ્વરાજ પછી પણ સમાજ ઉત્થાન માટેની આ પ્રવૃતિ નિરંતર ચાલુ રહી.

ગાંધીજીની પ્રેરણા પામી આઝાદી પછી પણ પડેલા સમાજને બેઠો કરવાના પ્રયત્નો ચાલુ રહ્યા. ઉત્તર ગુજરાતમાં વસંતભાઇ શાહ જેવા અનેક યુવાનોએ પોતાની ભવ્ય કારકિર્દી છોડી સમાજ ઉત્થાન માટે માઢી સર્વોદય આશ્રમ ખાતે પલાઠી લગાવી તપ આદર્યું. આઝાદી સમયે દેશમાં ટાંકણી પણ બનતી નહોતી એ સમયે ખેડૂતોને જરૂરી ખેતીના ઓજારોની, રસ્સા, પછેડી, કાપડ, તેલ, સાબુ, જેવી જીવનજરૂરી વસ્તુઓનું ઉત્પાદન શરૂ કર્યું. આશ્રમ ખાતે ગ્રામોધોગ, ગૌ આધારિત સજીવ ખેતી, સૂર્યશક્તિનો ઉપયોગ, નિરામય જીવન માટેના પ્રયોગો શરૂ કર્યા અને તેનો પ્રચાર અને પ્રસાર કરવા પૂરી તાકાત લગાવી. આખી જિંદગી બ્રહ્મચારી રહ્યા. સાદગીપૂર્ણ જીવન, ફળાહાર પર જીવતા. વહેલા ઊઠવું, આશ્રમ સફાઈ, ઇશોપનિષદ પ્રાર્થના સાથે નિયમિત રેંટીયો કાંતવો. ખાદી જ પહેરવી. આશ્રમમાં થતાં શાકભાજી–ફળોનો આહારમાં ઉપયોગ કરવો અને ઓછી જરુરીયાતથી જીવન જીવવું. જેવા પ્રયોગો જિંદગીભર કર્યા. ગાંધીના વિચારો જીવતા રહે તે માટે તેમણે જીવન સમર્પિત કરી દીધું. આવા દધિચીના કાર્યોનું પૂણ્ય સ્મરણ કરવું તે માનવ સમાજની ફરજ છે. ગાંધીના વિચારો જીવતા રહેશે ત્યાં સુધી માનવતા જીવતી રહેશે. વસંતદાદાની સ્મૃતિમાં ગાંધી નિર્વાણદિને જાદર કૉલેજમાં ગાંધીકથા પરિસંવાદનું આયોજન કરી તેમના કાર્યોને યાદ કરી અંજલિ આપવાનો પ્રયાસ છે.

શોધપત્રો પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થઈ રહ્યા છે, ત્યારે શોધપત્રો રજૂ કરનાર સર્વેનો તેમજ શુભેચ્છા સંદેશ લખી આપનાર મહાનુભાવોનો હું આભાર માનું છું. માન.શિક્ષણમંત્રીશ્રી ઋષિકેશભાઈએ ગાંધીકાર્યની સરાહના કરી શુભેચ્છા સંદેશ લખી આપ્યો તે માટે તેમનો હું આભારી છું. ગુજરાતના ચિંતક પદ્મશ્રી ગુણવંત શાહે પરિસંવાદની સફળતા માટે શુભેચ્છા પાઠવી અમને પ્રોત્સાહિત કર્યા તે બદલ અમે તેમના ઋણી છીએ. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદના વાઇસ ચાન્સેલરશ્રી ભરતભાઈ જોશીએ સેમીનાર અને પુસ્તક પ્રકાશનની સફળતા માટેની શુભકામનાઓ પાઠવી હતી તે માટે એમનો આભાર. ગાંધીકથાકાર ડો.યોગેન્દ્ર પારેખ પરિસંવાદના ગાંધીકથાકાર હતા. પરિસંવાદના પુસ્તક પ્રકાશન માટે શુભેચ્છાઓ પાઠવી તે બદલ એમનો આભાર. ગાંધીકથા માટે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર તરફથી પરિસંવાદનું આયોજન કરવા આર્થિક અનુદાન મળ્યું એ બદલ એમના આભારી છીએ."રીસર્ચગુરુ" ઇ જર્નલમાં શોધપત્રો છાપવાની અનુકૂળતા કરી આપવા બદલ તંત્રી તેમજ સહતંત્રીનો અને ગાંધીકથામાં સહયોગ આપનાર સૌનો આભાર.

ડો.કે.જી.પટેલ

આચાર્યશ્રી, સ.વિ.વા.કોલેજ,જાદર,તા.ઇડર(સા.કાં.)

G20 ભારત 2023 INDIA

**ઋષિકેશ પટેલ**



ક્રમાંક: આ.પ.ક.ત.શિ./ઉ.તાં.શિ./કા./ન્યા/વૈ.સં./ /૨૦ ૧૧૧/૨૦૨૩

**મંત્રી,**
**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ,**
**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર,**
**વૈધાનિક અને સંસદીય બાબતો**
**ગુજરાત સરકાર**
સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

તારીખ : ૨૩/૦૨/૨૦૨૩

## શુભેચ્છા સંદેશ

સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, જાદરમાં તા.30 જાન્યુઆરી, 2023ના **"શહિદ દિને"** પરિસંવાદ **"ગાંધીકથા"** સફળતાપૂર્વક યોજવામાં આવેલ. એ જાણી આનંદ થયો. અમૃતકાળના આ સમયમાં ગાંધી વિચારના પ્રચાર-પ્રસારથી સેવા, સાદગી, કોમીસૌહાર્દતા, વસુધૈવ કુટુંબકમ્ અને દેશપ્રેમના ગુણોનો વિકાસ થશે. ભાવિ પેઢીમાં આ વિચારોનું અનુસરણ-સિંચન જરૂરી છે. આ પરિસંવાદમાં રજૂ થયેલા શોધપત્રોનું પ્રકાશન પુસ્તક સ્વરૂપે થઈ રહ્યું છે ત્યારે ગાંધી વિચારો સમાજના બહોળાવર્ગ સુધી જઈને સમાજને નવી દિશા ચિંધશે એવી આશા રાખું છું. સંસ્થાનું આ પ્રકારનું કાર્ય ખરેખર સરાહનીય છે. સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરે એ જે અભ્યર્થના સહ ગ્રામ્ય વિસ્તારમાં આવેલી સરકારી કૉલેજ દ્વારા આ પ્રકારના કાર્યો માટે કૉલેજના પ્રિન્સિપાલ અને સમગ્ર સ્ટાફને અભિનંદન સહ શુભેચ્છા પાઠવું છું.

આપનો સ્નેહાધિન,

**(ઋષિકેશ પટેલ)**

પ્રતિ,

**આચાર્યશ્રી,**
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,
મું.જાદર, તા.ઈડર, જી.સાબરકાંઠા

**નિવાસ સ્થાન :** મંત્રીશ્રી નિવાસ સ્થાન, બંગલા નં.૨૧, સેક્ટર-૨૦, ગાંધીનગર-૩૮૨૦૨૦ **ફોન નં. :** ૦૭૯-૨૩૨૫૭૪૩૧, ૨૩૨૫૭૪૩૨
**કાર્યાલય સંપર્ક :** ૦૭૯-૨૩૨૫૦૧૧૦, ૨૩૨૫૦૧૦૯, ૨૩૨૫૦૧૦૮ **ફેક્સ નં. :** ૦૭૯-૨૩૨૫૫૬૯૦ **ઇ-મેઇલ:** min-health@gujarat.gov.in

प्रो. (डॉ.) भरत जोशी
कुलनायक (का.)
Prof. Bharat Joshi
Vice-Chancellor (i/c)

गूजरात विद्यापीठ
(१९२० में महात्मा गांधी द्वारा स्थापित)
GUJARAT VIDYAPITH
(Founded By Mahatma Gandhi in 1920)

Ref. No.: ગુવિ/કુના/280/2022-23

Date: 18-02-2023

સ્નેહીશ્રી કમલેશભાઇ,

તમારી શૈક્ષણિક નિષ્ઠા અને સૂજના પરિણામે તમે શિક્ષણ ક્ષેત્રે કઈક નવું કરવાની સતત ધખના રાખો છો તેનો ખૂબ આનંદ છે. તા. 30/01/2023 ના રોજ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદરમાં તમારા નેતૃત્વમાં "ગાંધીકથા" વિષય અંતર્ગત યોજાયેલો એક દિવસીય રાજ્યકક્ષાનો પરિસંવાદ તમારી આવી ધખનાનું તાજેતરનું ઉદાહરણ છે. ગાંધીવિચાર મૂલત: ભારતીય સાંસ્કૃતિક વિચારધારનું પ્રતિનિધિત્વ કરે છે. વૈશ્વિક સ્તરે તેની સ્વીકૃતિ અને પ્રસ્તુતતા આ કારણે જ છે. સર્વોદયની ભાવના ગાંધી વિચારનું કેન્દ્રબિંદુ છે અને તમે યોજેલી ગાંધીકથા એક સર્વોદયી એવા સ્વ. વસંતદાદાની સ્મૃતિમાં હોય તે પ્રસંગને વિશેષ મહત્ત્વ પ્રદાન કરે છે.

ગાંધીકથા નિમિત્તે પરિસંવાદમાં રજૂ થયેલાં પ્રપત્રોને પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવાનો તમારો ઉપક્રમ આવશ્યક છે અને તેથી આવકારદાયક છે. આ રીતે અભ્યાસુઓ દ્વારા તૈયાર થયેલી વાંચન સામગ્રી સૌ માટે સુલભ બનશે અને ગાંધીવિચારની મહત્તા લોકો સુધી પહોંચશે તે પ્રશંસાપાત્ર છે. આ માટે હું તમને અને તમારી સમગ્ર ટીમને તેમજ પ્રપત્રોના સૌ લેખકોને અભિનંદન પાઠવું છું. તમારું આ પ્રકાશન નોંધનીય અને ઉપયોગી બને તેવી શુભકામનાઓ પાઠવું છું. ગાંધીવિચાર અને સર્વોદયના પાયા સમાન આ પ્રાર્થના સાથે વિરમું છું : "સર્વદા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો, સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો."

-ભરત જોશી "પાર્થ મહાબાહુ"

પ્રતિ,
પ્રિ. ડૉ કમલેશ પટેલ
સરકારી વિનયન અને વાણિજ્ય,
કોલેજ, જાદર

A Public Trust Register in the year 1953 Number E581
(Deemed to be University established under Section 3 of the UGC Act, 1956 vide Notification No. F.10-20/62-U2 of the Govt. of India), Accredited Grade 'B++' by NAAC
CSR Registration Number :- CSR00008748 • FCRA Registration Number :- 041910019

गूजरात विद्यापीठ, आश्रम रोड, अहमदाबाद - ३८० ००९
फोन : (का.) ०७९-२७५४ ०३९१, २७५४ ११४८; (मो.) ९८२५६८४४५४
Gujarat Vidyapith, Ashram Road, Ahmedabad - 380 009
Ph. : (O) 079-2754 0391, 2754 1148; (M) : 9825684454
Email : vc@gujaratvidyapith.org

## DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY

BAOU
Education for all

(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Dr. Babasaheb Ambedkar Open University Marg,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad - 382 481

Prof. (Dr.) Yogendra Parekh
Professor & Head Gujarati Department

M : 9909970288
E-Mail : yogendra.prekh@gmail.com

તા. ૦૯ માર્ચ - ૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી ડૉ. કમલેશભાઈ પટેલ
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ
મુ. જાદર તા. ઈડર જિ. સાબરકાંઠા

નમસ્કાર!

30. જાન્યુ. 2023ના રોજ ગાંધી નિર્વાણ દિને આપની કોલેજ દ્વારા 'ગાંધીકથા'. તથા ગાંધીજીના જીવનકાર્ય સંબંધિત પરિસંવાદનું આયોજન થયું. આ ઉમદા શૈક્ષણિક ઉપક્રમમાં 75 (પંચોતેર) જેટલાં અભ્યાસલેખો પ્રાપ્ત થયાં. દેશને આઝાદ થયાને 75 વર્ષ થયાં. આજના કોલેજીયન યુવાનો ગાંધીજી વિશે શ્રવણ- ચિંતન- લેખન કરે તે સમયની તાકીદ છે. આ પરિસંવાદમાં હાજર રહેવાનું થયું અને ગાંધીકથા રજૂઆતની મને તક મળી એ બદલ આભારી છું.

સમગ્ર સંસ્થા પરિવારનાં સહિયારા પ્રયાસ વગર આ પ્રકારનાં શૈક્ષણિક કાર્યોની સાર્થકતા સંભવ હોતી નથી. યુવાન વિદ્યાર્થીઓની અભ્યાસપૂર્ણ રજૂઆતનું સ્મરણ યાદગાર સંભારણું બની રહેશે. 75 લેખો પ્રસિદ્ધ થઈ રહ્યા છે ત્યારે હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવું છું. પુન: અભિનંદન.. આભાર.

આપનો વિનમ્ર
યોગેન્દ્ર પારેખનાં
જય જગત.

ગુજરાત સાહિત્ય અકાદમી
ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દૂ અને કચ્છી સાહિત્ય અકાદમી
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર

ડૉ. જયેન્દ્રસિંહ જાદવ
મહામાત્ર

ક્રમાંક: ગસઅ/૨૦૨૨-૨૩/૮૬૭ તા. ૩૦/૦૧/૨૦૨૩

## શુભેચ્છા સંદેશ

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાદર દ્વારા મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિને ગાંધીજન એવા વસંતદાદાની સ્મૃતિમાં 'ગાંધીકથા' એક દિવસીય રાજ્ય કક્ષાના પરિસંવાદનું આયોજન કરવા બદલ આપશ્રીને હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ. મહાન વૈજ્ઞાનિક આઇન્સ્ટાઇને કહ્યું હતુ કે "ભવિષ્યની પેઢીઓ એ વાત પર વિશ્વાસ પણ નહી કરી શકે કે હાડ-માંસનો બનેલો આવો કોઈ માણસ આ પૃથ્વી પર આવ્યો હતો". આઇન્સ્ટાઇનની આ આશંકા સાચી ન પડે તે માટે અને ગાંધીજી જેવા વિશ્વમાનવના વિચારોથી નવી પેઢીને અભિમુખ કરવા આવા ઉપક્રમો અત્યંત આવશ્યક છે. ગાંધી વિચાર શાશ્વત છે. સત્ય અને અહિંસા જેવા મૂલ્યો થકી, પેલા અગિયાર મહાવ્રત થકી ગાંધીજી આજે પણ આપણી અંદર જીવે છે. ગાંધીજી જેવા વિરાટ વ્યક્તિત્વના દર્શન માટે કરુણાજળથી ભીંજાએલા દિવ્ય ચક્ષુઓ જોઈએ. મને આનંદ થયો કે પ્રો. યોગેન્દ્ર પારેખ જેવા સાચા ગાંધીજન ગાંધી નામની વિરાટ ઘટનાને સૌ ભાવકો સમક્ષ પ્રસ્તુત કરવાના છે. આજે એક મહત્વપૂર્ણ સરકારી બેઠકમાં જવાનું અનિવાર્ય હોઈ આપની વચ્ચે ઉપસ્થિત રહી શકાયું નથી તે બદલ ક્ષમાપ્રાર્થી.. આજે યોગેન્દ્રભાઈ જેવા સારસ્વત વ્યક્તિને સાંભળવાનો અને આપશ્રી જેવા સમર્પિત આચાર્યને મળવાનો અવસર ગુમાવ્યો છે, તેનો રંજ છે. પરંતુ ફરી કોઈ વાર આવા જ અમૂલખ અવસરે મળીશું તેની ખાતરી આપુ છુ. આ કાર્યક્રમમાં સહભાગી થનાર સૌ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને અકાદમી વતી શુભકામનાઓ પાઠવુ છુ.

મહામાત્ર
ગુજરાત સાહિત્ય અકાદમી
ગાંધીનગર

પ્રતિ,
શ્રી ડૉ. કે. જી. પટેલ
આચાર્યશ્રી,
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ
જાદર, સાબરકાંઠા

પહેલો માળ, અભિલેખાગાર ભવન, વિધાનસભા સામે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭.
ફોન : ૦૭૯-૨૩૨ ૫૬૭૯૭ / ૯૮ E-mail : gsagandhinagar@gmail.com www.sahityaacademy.gujarat.gov.in
Email : registrar-gsa@gujarat.gov.in